દિવ્ય ભાસ્કર અમદાવાદ ફ્રન્ટ પેજ.૦૨ તા. ૨૯.૦૭.૨૦૨૫

**ભાસ્કર એક્સક્લુઝિવ** મેટ્રોએ મ્યુનિ. પાસે 6 પ્લોટ માગ્યા, માલિકીની ચકાસણી બાદ ટૂંક સમયમાં પ્લોટ ફાળવાશે

# હાશ! થલતેજ, ગુરુકુળ સહિત 4 મેટ્રો સ્ટેશન પર પાર્કિંગ મળશે

## મ્યુનિ.ના અધિકારીઓએ મેટ્રોના બંને રૂટની મુલાકાત લઈ પાર્કિંગ પ્લોટ ફાળવણીની શક્યતા અંગે ચકાસણી કરી હતી

અનિરુદ્ધસિંહ પરમાર | અમદાવાદ

મેટ્રોમાં મુસાફરી કરનારા લોકોને સ્ટેશન સુધી પહોંચ્યા બાદ પોતાનું વાહન પાર્ક કરવાની સમસ્યા આવે છે. એક અંદાજ મુજબ અમદાવાદના માત્ર 4 જેટલા મેટ્રો સ્ટેશનમાં જ પાર્કિંગની સુવિધા છે, જેને ધ્યાનમાં રાખીને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી)એ મ્યુનિ. પાસેથી 4 સ્ટેશનો માટે 6 પાર્કિંગ પ્લોટની માગણી કરી છે. કોર્પોરેશન ટૂંક સમયમાં આ પ્લોટના માલિકીની માહિતી એકઠી કરી આ પ્લોટ અંગે નિર્ણય લેશે.

સરકારની પોલિસી પ્રમાણે કોર્પોરેશન મેટ્રો પાસેથી પાર્કિંગ પ્લોટ માટેનો ટોકન ચાર્જ વસૂલશે. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, આ પહેલા મ્યુનિ.ના અધિકારીઓએ મેટ્રોના બંને રૂટ પર એક વિઝિટ કરી હતી. જ્યાં સ્ટેશનની આસપાસ પાર્કિંગ પ્લોટની ફાળવણીની શક્યતા વિશે ચકાસણી કરી હતી, પરંતુ જે-તે સમયે અધિકારીઓ દ્વારા પાર્કિંગ પ્લોટની ફાળવણી અંગે અંતિમ નિર્ણય લેવાયો ન હતો. જોકે હવે મેટ્રો દ્વારા સત્તાવાર રીતે શહેરનાં સ્ટેશનો માટે પાર્કિંગ પ્લોટની માગ કરાઈ છે, જેમાં ગુરુકુળ, થલતેજ ગામમાં બે-બે પાર્કિંગ પ્લોટની માગ કરાઈ છે.

**ભાસ્કર ઈમ્પેક્ટ**


મેટ્રોમાં હજુય દોઢ ટકા લોકો જ મુસાફરી કરે છે કારણ: 30માંથી 25 સ્ટેશન પર પાર્કિંગ જ નથી

'દિવ્ય ભાસ્કર'એ 25 નવેમ્બરે રૂટનો ગ્રાઉન્ડ રિપોર્ટ કરી કહ્યું હતું કે, 30માંથી 25 સ્ટેશન પર પાર્કિંગ વ્યવસ્થા નથી, જેથી હજુ ઘણા મેટ્રોની મુસાફરી ટાળે છે.

## મેટ્રોએ આ 6 જગ્યા પર પાર્કિંગ પ્લોટની માગ કરી

| સ્ટેશન | સ્ટેશનથીઅંતર |
|---|---|
| એપરલ પાર્ક | 50 મીટર |
| ગુરુકુળ રોડ | પ્રવેશ-નિકાસની જગ્યાએ |
| થલતેજ | 50 મીટર |
| થલતેજ ગામ | 50 મીટર |

## અત્યારે થલતેજ, ગુરુકુળ સહિતનાં સ્ટેશને લોકો રોડ સાઇડ પાર્કિંગ કરે છે

અત્યારે મેટ્રો સ્ટેશન આસપાસના રોડ પર અથવા નજીકના કોઈ જાહેર સ્થળે પાર્કિંગ કરીને લોકો મેટ્રોની મુસાફરી કરે છે. ઉપરાંત અમુક લોકો એએમટીએસ અને ખાનગી રિક્ષાથી સ્ટેશન સુધી પહોંચે છે, પરંતુ તેઓને સાંજે ઓફિસ અથવા કામ પૂરું કરી ઘરે પરત સમયે ઘર સુધી પહોંચવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

## નાગરિકોની સુવિધા માટે પ્લોટ આપવા તે પ્રાથમિકતા: મ્યુનિ.

“મેટ્રોના મુસાફરોની સુવિધા માટે કોર્પોરેશન પાસે 6 પ્લોટની માગ કરાઈ છે. અમે પ્લોટની ચકાસણી કરીને લોકોની સુવિધા વધે તે માટે આ પ્લોટ અંગે તપાસ કરાવીશું. તેની માલિકી નક્કી થયા બાદ મેટ્રોને આપવા માટે કઈ ઓથોરિટી પાસેથી કઈ રીતે અપાવી શકાય તેની વ્યવસ્થા કરીશું, પરંતુ માગેલા વિસ્તારોમાં પાર્કિંગ પ્લોટ મળે તે અમારી પ્રાથમિકતા રહેશે.

દેવાંગ દાણી, ચેરમેન - સ્ટેન્ડિંગ કમિટી